From: Bhupendra jesrani < >

## અમેરિકન મકાઈ અને ડિસ્કો પપૈયું

*ગુડ મોર્નિંગ - સૌરભ શાહ*

માઈકલ ક્રિશ્ટનની નવલકથા 'જુરાસિક પાર્ક' પરથી સ્ટીવન સ્પીલબર્ગે યાદગાર ફિલ્મ બનાવી ત્યારે શરૂઆતમાં કંઈક આ મતલબની ચેતવણી મૂકેલી: કુદરતની વ્યવસ્થા સાથે માણસ ચેડાં કરે છે ત્યારે ભયંકર પરિણામ આવે છે.

બજારમાં સફેદ મકાઈ વર્ષોથી ગાયબ થઈ ગઈ છે. પીળી મકાઈ મળે છે, 'અમેરિકન મકાઈ'ના નામે ઓળખાય છે. બિયાંવાળી દ્રાક્ષ મળવી દુર્લભ છે. કેરી વેચનારો જો નિખાલસ હોય તો સામેથી તમને કહે છે કે પાકી કેરી લઈ જવી હોય તો લઈ જાઓ પણ કેમિકલથી પકાવેલી છે. ધીરજ હોય તો કાચી લઈ જાઓ, દસ-પંદર દિવસ પછી ખાજો. જોકે, એ કેરી પણ ઝેરી રસાયણોયુક્ત ખાતર નાખીને જ ઉગાડેલી હોય છે. ઑર્ગેનિકના નામે કુદરતી ખાતરથી જ ઉગેલી કેરી કે બીજું કોઈ પણ ફળ કે અનાજ પણ ઝેરથી મુક્ત જ હશે તેની કોઈ ખાતરી નથી. કારણ કે જે જમીનમાં તે ઉગાડેલાં છે તે જમીનમાં ક્યારેય કૃત્રિમ ફર્ટિલાઈઝર નાખવામાં નથી આવ્યું એની કોઈ ગૅરન્ટી તમારી પાસે નથી. કારણ કે ઉગાડનાર પોતાને જ એની માહિતી નથી.

ઝેરી રસાયણો ધરાવતાં જંતુનાશકો (પેસ્ટિસાઈડ્સ) તથા ફર્ટિલાઈઝર વાપરીને હરિત ક્રાંતિ તો થઈ ગઈ. એ જ રીતે ગાય-ભેંસને કૃત્રિમ ચારો આપીને, સ્ટીરોઈડ્સનાં ઈન્જેક્શનો આપીને દૂધની ઉપજ વધારીને શ્વેત ક્રાંતિ પણ થઈ ગઈ. હવે શું? હવે એનાં માઠાં પરિણામો ભોગવવાનાં.

આટલું દૂષણ ઓછું હોય એમ હવે પશ્ચિમ તરફથી કુદરતી બિયારણ સાથે ચેડાં કરીને ફળ, શાકભાજી અને અનાજ ઉગાડવામાં આવી રહ્યાં છે. સુવ્વરને તગડું કરવા માટેની અકુદરતી રીતે ઉગાડેલી ટનબંધ મકાઈ સામે અમેરિકામાં ઊહાપોહ થયા પછી ઇન્ડિયા જેવી સો કૉલ્ડ થર્ડ વર્લ્ડ ક્ધટ્રીઝમાં એ પાક ઠલવાઈ રહ્યો છે.

મલ્ટિનેશનલ કંપનીઓ ધીરે ધીરે જિનેટિકલી મોડિફાઈડ બિયારણો પરની પેટન્ટ્સ કઢાવીને બજારમાં એના પર મૉનોપોલી સ્થાપતી જાય છે. અમેરિકામાં શરૂ થઈ ગયું છે અને હવે ભારતમાં પણ એ જમાનો આવશે જ્યારે તમારા ખેડૂતો કુદરતી બિયારણ વાપરી નહીં શકે. ફરજિયાત મોંઘાં ભાવનાં અને માણસ માટે લાંબા ગાળે હાનિકારક એવાં બિયારણ ખરીદવાં પડશે. નહીં ખરીદો અને

તમારા કુદરતી પાકમાં કયાંક પણ એનો અંશ દેખાયો તો કેસ થશે અને લાખો રૂપિયાનો જુર્માનો થશે. તમારી બાજુના ખેતરવાળાએ કે તમારાથી માઈલો દૂરના ખેતરવાળાએ મલ્ટિનેશનલનું બિયારણ વાપર્યું હોય અને પંખીએ ત્યાં ચણ લીધું હોય તો એની હગાર તમારા ખેતરમાં પડે કે હવા દ્વારા એ બિયારણમાંથી ઉગેલા પાકના અંશ તમારા ખેતરની માટીમાં પડે તો સ્વાભાવિક છે કે તમારા પાકની લેબોરેટરી તપાસમાં તમે એ મૉનોપોલીવાળું બિયારણ વાપરીને પેટન્ટનો ભંગ કર્યો છે એવો કેસ થવાનો. યુએસમાં આવા કેસ થઈ રહ્યા છે.

વૈજ્ઞાનિક શોધોને માનવ ઉપયોગી બનાવ્યા પછી એનો કમર્શ્યલી કસ કાઢવામાં અમેરિકાને કોઈ ન પહોંચે. પોતાની પ્રજાને નુકસાનકર્તા હોય એવાં ઉત્પાદનોને બીજા દેશમાં વેચીને શ્રીમંત થવાની ટ્રિક કોઈ એ દેશ પાસેથી જ શીખે. ફાર્માસ્યુટિકલ્સ કે દવાઓની બાબતમાં તો આપણે જોઈ લીધું. ઠંડાં પીણાંઓથી માંડીને કૉમ્પ્યુટરનો ભંગાર ઠાલવવા માટેનો વાડો એ લોકોને મળી ગયો છે - ભારત.

પણ **આ બધામાં સૌથી ડેન્જરસ છે બીટી ફૂડ. બીટી રિંગણાની કૉન્ટ્રોવર્સી ભારતમાં થઈ અને એટલો મોટો ઊહાપોહ થયો કે સરકારે એ નિર્ણય મુલતવી રાખ્યો. અર્થાત્ મામલો ઠંડો પડે એટલે ચૂપચાપ કાયદો કરી નાખવાનો. બાયોટેક્નોલોજિનો દુરૂપયોગ કરીને અમેરિકામાં ૪૦થી વધુ જાતના પાક અત્યારે લેવાય છે. આમાં કપાસ, મકાઈ અને સોયાબીન મુખ્ય છે. આ ચાળીસમાં પપૈયાનો પણ સમાવેશ થાય છે. આપણને મળતું 'ડિસ્કો પપૈયું' એની જ પેદાશ છે. પાકને જીવાતોથી બચાવવા માટે બાયોટેક્નોલોજિનો વપરાશ થાય છે. પેસ્ટિસાઈડ્સસામે વિરોધ વધી ગયો એટલે તકવાદી મલ્ટિનેશનલોએ બિયારણમાં જ તોડફોડ કરીને ઉકેલ લાવી દીધો. આને કારણે એકરદીઠ ઉપજ ઘણી વધી. ખેડૂતોને થયું કે અમે માલદાર બની જઈશું. બન્યા પણ ખરા, પરંતુ માનવજાતની દશા બેસી ગઈ.**

બીટી પાકની હાનિકારક બાજુઓ વિશે પણ અમેરિકામાં ખૂબ સંશોધન થયું છે, પણ એ તમામ ચેતવણીઓ ચાતરીને દ્ પોં (ઊ ડજ્ઞક્ષિ)ં અને મોન્સાન્ટો જેવી અરધોએક ડઝન જાયન્ટ મલ્ટિનેશનલો બીટી બિયારણનો ધંધો જોરશોરથી આગળ વધારી રહી છે.

**<u>તમારા ઘરમાં પહેલાં ફ્લાવર આવતું ત્યારે ક્યારેક એને સમારતાં ઈયળ નીકળતી. હવે નથી નીકળતી, પણ નીકળે તો તમારે ખુશ થવું જોઈએ કે આ શાક ઝેરી રસાયણોથી મુક્ત છે. જેને કારણે ઈયળ હજુ જીવે છે. દ્રાક્ષ કે સ્ટ્રૉબેરી કે કેરીમાંથી થોડીક ખરાબ નીકળે તો ભગવાનનો પાડ</u>**

**માનવાનો કે એ સાવ ઝેરી નથી.**

છેક પ્રેસિડેન્ટ રોનાલ્ડ રેગનના જમાનાથી અમેરિકામાં બીટી ફૂડે પગપેસારો કર્યો છે. બજારમાં નૉર્મલ કરતાં મોટા અને વધુ કલરફુલ ફળ કે શાકભાજી જોઈને આપણે ખુશ થઈ જઈએ છીએ પણ સ્વાદમાં એ ફિક્કાં નીકળે છે, સુગંધહીન હોય છે એ.

મુંબઈમાં હવે અનેક ઠેકાણે ઑર્ગેનિક ફુડની દુકાનો ખુલવા લાગી છે. ઘણી જગ્યાએ ગાયનું ઑર્ગેનિક દૂધ ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. નૉર્મલ દૂધ કરતાં લગભગ બમણી કિંમતે મળે છે. આ તમામ ઑર્ગેનિક ફૂડની જેન્યુઈનનેસની ખાતરી કરવા માટે એમની વેબસાઈટ ચેક કરવી. જો એ લોકો પોતાની ઉત્પાદન પ્રક્રિયા ગમે ત્યારે જઈને તમે જોઈ શકો છો એવું વચન આપતા હોય તો એમના દાવાની સચ્ચાઈ વિશે બહુ શંકા ન રહે. ગાયનું દૂધ વેચનારાઓ આવું આમંત્રણ આપે છે. તેઓ ગાયને માત્ર કુદરતી ચારો આપે છે. ઑર્ગેનિક ફૂડ મોંઘું વેચાય એ કેવી વિચિત્ર વાત છે. કુદરતી રીતે ઉગાડેલું અનાજ વાસ્તવમાં સસ્તું હોવું જોઈએ. પણ બીટી બિયારણથી જીવાત થતી નથી એટલે પાક વધારે મળે છે. અમેરિકાનું સંશોધન કહે છે કે ત્રણ-ચાર વરસ સારો પાક લણ્યા પછી આ બીટી બિયારણ નવા જંતુઓ પેદા કરે છે અથવા કેટલાક જૂના જંતુઓ ફરી ઉપદ્રવ કરે છે. બીટીના રવાડે ચડવાથી બકરું કાઢતાં ઊંટ પેસી જવાનું એ નક્કી. મચ્છરો હવે ડીડીટીથી બિલકુલ ગભરાતા નથી એવું જ કંઈક. ફિલ્મસર્જક મહેશ ભટ્ટે આ વિશે ધ્યાન ખેંચતી એક ડૉક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે. કાલે વાત.

**મહેશ ભટ્ટ અને બાબા રામદેવ એક મંચ પર: 'થાળીમાં ઝેર'**

*ગુડ મોર્નિંગ - સૌરભ શાહ*

કવિ 'કલાપી'એ જે પોષતું તે મારતુંની કલ્પના કરી ત્યારે એમના મનમાં જિનેટિકલી મોડીફાઈડ ફૂડ નહીં જ હોય. પણ જીએમ ફૂડ માટે આ વાત સો ટકા લાગુ પડે છે. કુદરતનો નિયમ છે કે કાગડો કાગડી સાથે અને ચકલો ચકલી સાથે જ પ્રજનન કરે. ઢેલને પરાણે મરઘા સાથે પ્રજનન કરાવવું તેનું નામ જીએમ ટેક્નોલોજિ. અહીં તો વાત એનાથીય આગળ વધી રહી છે. ઢેલને બળદ સાથે અને એથીય આગળ વધીને માછલીના જિનને ટામેટાના જિન સાથે બ્રીડ કરીને ટામેટાની વધુ લાલચટાક જાત બનાવાઈ છે.

ભારતમાં જીએમ ફૂડ વિશેની જાણકારી બહુ ઓછી છે. તો પછી એની હાનિકારકતા વિશેની જાગૃતિ કેટલી હોય? સુવ્વરનું જિન ચોખાના જિનમાં નાખીને જે નવું બિયારણ બને છે તેનાથી ચોખાના

પાકમાં જીવાત નહીં પડે, દાણો મોટો થશે, ઊપજ ઘણી વધશે. અને આ ચોખામાંથી બનેલી વાનગી ખાવાથી માણસનું શું થશે? તમને ફિકર થતી હોય તો આગળનું વાંચો.

બાબા રામદેવ અને મહેશ ભટ્ટ હિન્દુ વિચારધારા તથા સ્યુડો સેક્યુલરિઝમના બે છેડા પર ઊભેલા વિચારકો છે. પણ અહીં બેઉ જણ એક છે. શ્રી શ્રી રવિશંકરનો પણ એમને સાથ છે. અમેરિકાની મોન્સેન્ટો નામની મલ્ટીનેશનલ પર આ ડૉક્યુમેન્ટરી પર પુરાવા સાથે ઘણા ગંભીર આક્ષેપો થયા છે. અમેરિકાની આવી અડધોએક ડઝન મલ્ટીનેશનલ કંપનીઓ ખરા અર્થમાં મોતના સોદાગર જેવી છે. અમેરિકન ફૂડ ચેઈનની કંપનીઓ આ સોદાગરની એજન્ટ સમાન છે.

તમે સ્વદેશીમાં ન માનતા હો તો ભલે. તમે અમેરિકાને આદર્શ રાષ્ટ્ર માનતા હો તો ભલે. પણ તમારે તમારા શરીરમાં જો ઝેર ન પધરાવવું હોય તો અમેરિકન મકાઈ તથા એની વિવિધ બનાવટોનો ભરપૂર ઉપયોગ કરતા પિઝા-બર્ગરના ખૂમચાઓથી દૂર રહેવું જોઈએ. મૅકડોનાલ્ડ, સબ-વે, પિઝા હટ, કેએફસી જેવી અનેક બ્રાન્ડ્સ ચલાવનારાઓ પોતે કયા ઈન્ગ્રેડિયન્ટ્સ વાપરે છે તે વાત ખાનગી રાખે છે અને આ ડૉક્યુમેન્ટરીમાં તે વિશે કશું જ કહેવાનો ઈનકાર કરે છે.

'પોઈઝન ઑન માય પ્લેટર' નામની અડધા કલાકની આ અંગ્રેજી દસ્તાવેજી ફિલ્મ 'સારાંશ', 'આશિકી', 'અર્થ', વગેરેના ફિલ્મકાર મહેશ ભટ્ટે નરેટ કરી છે. હિંદીમાં 'ઝહરીલી થાલી' અથવા 'થાલી મેં ઝહર' નામે પણ બની છે.

ડૉક્યુમેન્ટરીના આરંભમાં જ તમને લેખિત ખાતરી આપવામાં આવે છે કે આ ફિલ્મમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે વિશ્વના ટોચના સાયન્ટિફિક જર્નલ્સમાં પ્રગટ થયેલી અને વૈજ્ઞાનિક પ્રયોગો પછી ખાતરીપૂર્વક પુરવાર થયેલી માહિતીના આધારે જ કહેવામાં આવ્યું છે. ટૂંકમાં અહીં કોઈ નારાબાજી કે જિંગોઈઝમ નથી કે ભાવનાઓને ભડકાવવાની કોઈ વાત પણ નથી.

બીજી વાત. જે મલ્ટીનેશનલ કંપનીઓ જિનેટિકલી મોડીફાઈડ બિયારણ વેચે છે અને જીએમ ફૂડનો બહોળો પ્રચાર કરીને કરોડો ડૉલર્સ કમાય છે તે કંપનીઓ ક્યારેય આ સંશોધનોની વરવી, ભયાનક બાજુ વિશે વાત નથી કરતી. એટલું જ નહીં, જીએમ ફૂડથી થતા ફાયદાઓ વિશે ઢોલ વગાડતી ફરે છે. આ ફાયદાઓની વાત લોકોની આંખમાં ધૂળ નાખવા બરાબર છે.

જીએમ ફૂડને કારણે આપણા શરીરની ઈમ્યુન સિસ્ટમ ખતમ થઈ જાય છે, બીમારીઓ સામે લડવાની શરીરની નૈસર્ગિક ક્ષમતા નષ્ટ પામે છે. જીએમ ફૂડના પરિણામે મગજ, લીવર, કિડની,

હૃદય અને આંતરડાઓમાં ખરાબમાં ખરાબ વિકૃતિઓ ફેલાઈ શકે છે. આ ઉપરાંત એવી કેટલીય નવી બીમારીઓ થવાની સંભાવના છે જેનું નામ માણસજાતે અગાઉ કયારેય સાંભળ્યું પણ ન હોય. મૅડ કાઉ ડિસીઝ વિશે અગાઉ કયારેય નહોતું સાંભળ્યું. આ રોગ જિનેટિકલી મોડીફાઈડ ટૅક્નોલોજિનું પરિણામ છે. ગાય વધારે દૂધ આપે તે માટે જે હૉર્મોન ઈન્જેક્શન આપવામાં આવ્યાં તેને કારણે એક નવો રોગ પશુઓમાં ફેલાયો.

ભારતીય સંસ્કૃતિમાં અન્નને બ્રહ્મની કક્ષાનું

ગણવામાં આવ્યું છે. અમેરિકાની કેટલીક કંપનીઓ આ અન્નને ઝેર બનાવીને બ્રહ્મને રાક્ષસ બનાવી રહી છે. રોજેરોજના જમવામાં દાળ, ભાત, શાકભાજી જેવી વસ્તુઓમાં અત્યાર સુધી તમને માત્ર રાસાયણિક ખાતરનો જ ખતરો હતો. લો, હવે અમે ફર્ટિલાઈઝરની જરૂર જ ન પડે એવું બિયારણ બનાવી દીધું તમારા માટે - આવું કહીને મોતના સોદાગર જેવી મોન્સેન્ટો વગેરે અમેરિકન કંપનીઓએ ખરેખર ખેડૂતોને પાકમાં જીવાત ન પડે એવું બિયારણ આપ્યું. જીવાત ન પડી. ઉત્પાદન વધ્યું. પણ બીજા એક પ્રયોગનું રિઝલ્ટ લોકો સામે મુકાયું નહીં. જીએમ ટેક્નોલોજિથી બનેલા ફળને કીટકો તથા જંતુઓ માટે મૂકવામાં આવ્યું ત્યારે આ કીડાઓ એ ફળને ખાઈને મરી ગયા. એ ફળ હવે તમારા ખાવા માટે વેચાવાનું છે. તમે ખાશો? તમારાં રિંગણાં, બટાટા, ભીંડા, આદું ઉપરાંત ચોખા અને મકાઈને ખાઈને કીડાઓ તરત મરી જશે. તમે ધીરે ધીરે...

આ ડૉક્યુમેન્ટરી વિશેની વાત સોમવારે આગળ ચલાવીશું. દરમ્યાન, અમે આ ફિલ્મ જોઈને આટલું કર્યું. કૉર્ન ફ્લેક્સ કઈ મકાઈમાંથી બને છે તેની હન્ડ્રેડ પર્સેન્ટ ખાતરી ન થાય ત્યાં સુધી નહીં ખાવાના. કેલોગ્સના તો બિલકુલ નહીં ખાવાના. થિયેટરમાં પૉપકૉર્ન કઈ મકાઈના દાણામાંથી બને છે તેની સ્પષ્ટ જાહેરાત ન થતી હોય તો તે પણ બંધ. નાચોઝ વગેરેની ચિપ્સમાં મકાઈનો લોટ હોય છે. આ બધું જ મોટે ભાગે અમેરિકાથી આવવાનું. અને ત્યાં બીટી મકાઈની બોલબાલા છે. એ પણ બંધ. થિયેટરોમાં બાફેલી મકાઈ મળતી હોય છે - કપમાં. અમને તો એની વાસથી પણ ઉબકા આવે છે એટલે એના કાઉન્ટર પાસેથી પણ પસાર નથી થતા. તમારે શું કરવું એ તમારા પર છે. અમે તો પહેલેથી સોયાબીનના દુશ્મન છીએ. પણ મકાઈ અને સોયાબીન આ બે ચીજ બીટી બિયારણની બનેલી હોય એવા ચાન્સીસ ઘણા.

અમને ખબર છે કે તમને થશે કે અમેરિકામાં બીટી ફૂડની બોલબાલા છે તો પછી ભારતને શું કામ એ પેટમાં દુ:ખે છે? તમે એ પણ કહેશો કે અમેરિકન સરકારની એફ.ડી.એ. (ફૂડ એન્ડ ડ્રગ

એડમિનિસ્ટ્રેશન) જેવી આ વિષયની સર્વોચ્ચ સંસ્થા જો બીટી બિયારણને મંજૂર રાખતી હોય તો ભારતે શું કામ દોઢડહાપણ કરવું જોઈએ? ધીરજ ન હોય તો યુ ટ્યૂબ પર આ ડોક્યુમેન્ટરી જોઈ નાખજો. અથવા સોમવારે આ વિશેનો ત્રીજો લેખ વાંચજો. હૅપ્પી વીક એન્ડ!

## અમેરિકનો ૨૦ વર્ષથી જે ખાય છે તે ખાવામાં ભારતીયોને શું વાંધો છે?

ગુડ મોર્નિંગ - સૌરભ શાહ

મોન્સાન્ટો ઉપરાંત બાયર, સેન્જેન્ટા અને દુ પોં જેવી કંપનીઓએ જીએમ ફૂડ દ્વારા વાતાવરણમાં ઝેર ઘોળવાનું કામ કર્યું છે. અમેરિકામાં સ્ટારલિન્ક નામના કૉર્ન (મકાઈ કે મકાઈના દાણા) બજારમાં આવતાં જ એલર્જી જેવી અનેક બીમારીઓ ફેલાઈ. મકાઈ કે કૉર્નમાંથી કૉર્ન સિરપ (જે ખાંડની અવેજીમાં વપરાય છે), કૉર્ન સ્ટાર્ચ અને કૉર્નફ્લોર (મકાઈનો લોટ)માંથી ડઝનબંધ ખાદ્યપદાર્થો બને છે. જિનેટિકલી મોડીફાઈડ બિયારણનો ઉપયોગ યુરોપના દેશોમાં શરૂ થયો ત્યારે ત્યાં એને ખૂબ આવકાર મળ્યો. પણ બોવાઈન ગ્રોથ હૉર્મોનનાં ઈન્જેક્શનોની માઠી અસર વર્તાવા માંડી ત્યારે યુરોપ જ નહીં આખું વિશ્વ ચોંકી ઊઠ્યું. આ હૉર્મોનનાં ઈન્જેક્શન ગાયને આપવામાં આવતાં. એને કારણે ગાય વધારે દૂધ આપતી. પણ છેવટે ગાયને કૅન્સર થતું. મૅડ કાઉ નામે પ્રચલિત થયેલો રોગ ગાયોમાં પહેલી વાર દેખાયો. હજારો ગાયો મરી ગઈ. આ ગાયનું માંસ (બીફ) માણસજાત માટે ઝેરી હતું. મૃત ગાયોનું દફન કરવાને બદલે એને અગ્નિદાહ આપવો પડતો. આ મૅડ કાઉ રોગ પછી બોવાઈન ગ્રોથ હૉર્મોન પર પ્રતિબંધ તો આવ્યો જ, સાથોસાથ આખા યુરોપમાં જીએમ ફૂડ વિરદ્ધ જનઆંદોલન શરૂ થયું. **પ્રજાના પ્રચંડ વિરોધને કારણે યુરોપના દેશોની સરકારોએ આકરા નિર્ણયો લેવાની ફરજ પડી. સ્વિત્ઝરલૅન્ડમાં પ્રજાના દબાવને કારણે સરકારે જીએમ ફૂડના ઉત્પાદન પર તો સંપૂર્ણ પ્રતિબંધ લાદયો જ, જીએમ ફૂડના ઈમ્પોર્ટ પર તેમ જ દેશમાં એના વેચાણ પર પણ પૂરેપૂરી પાબંદી લગાવી દીધી. ત્યાંના ખેડૂતો પણ જાગૃત હતા.**

ભારતમાં આ વિદેશી મલ્ટીનેશનલો ખેડૂતોને ફોસલાવીને પોતાનું બિયારણ વાપરવા લલચાવે છે. ખેડૂતો વધુ પાક લણવાની લાલચમાં આવીને આ કંપનીઓની શરતો સ્વીકારી લે છે. ખેડૂતોને ખબર નથી હોતી કે એક વખત એ બિયારણ વાપર્યા પછી પોતાની જમીનમાં નિર્દોષ બિયારણ વાપરવાથી ફસલ નહીં થઈ શકે. આમ આડકતરી રીતે ખેડૂતો એ મલ્ટીનેશનલોના ગુલામ બની જાય છે.

દુનિયાના દેશો જીએમ ફૂડ માટે દરવાજા બંધ કરી રહ્યા છે ત્યારે ભારતની સરકાર જીએમ ફૂડને

વધાવવા આતુર છે. કારણ એટલું જ કે આપણી પ્રજાને જીએમ ફૂડની હાનિકારકતા વિશે જાણકારી નથી અને આ અજ્ઞાનતાને કારણે બાબા રામદેવ કે રાજીવ દીક્ષિત જેવા નિષ્પક્ષ મહાનુભાવોની ચળવળોને જોર મળતું નથી. રાજીવ દીક્ષિતનું આ ક્ષેત્રનું જીવનકાર્ય એળે ન જાય એ જોવાની ફરજ દરેક ભારતીય નાગરિકની છે.

**વિદેશી બાયોટેક કંપનીઓ ભારતની પ્રજાની અજ્ઞાનતા અને ભારતીય સરકારી તંત્રના ભ્રષ્ટાચારનો લાભ ઉઠાવીને અત્યારે ભારતના ૫૦થી વધુ પાક પર જીએમના અખતરાઓ કરી રહી છે. આમાં રિંગણાં, ભીંડા, બટાટા, ફલાવર, કોબી, મકાઈ, આદું, ટામેટા, સરસવ, ચોખા વગેરેનો સમાવેશ થાય છે.**

અત્યારે ભારતમાં માત્ર બી.ટી. કૉટન (કપાસ)ને મંજૂરી આપવામાં આવી છે. બી.ટી. કપાસના બિયારણના ફાયદાઓ વિશે છાપાઓમાં અનેક વખત આવી ચૂકયું છે. **હકીકતમાં આની ખેતીમાં લાગેલા હજારો મજૂરોની બીમારીઓ વિશે લોકોને જાણકારી આપવામાં નથી આવતી. આંધ્ર પ્રદેશ, હરિયાણા અને પંજાબનાં અનેક ગામોમાં બી.ટી. કપાસના ખેતરોમાં ચારો ચરવાથી બે હજારથી વધુ ઢોરઢાંખર મૃત્યુ પામ્યા છે એ સમાચાર લોકો સુધી પહોંચ્યા નથી. આંધ્ર પ્રદેશની રાજ્ય સરકારે તો આવાં ખેતરોમાં જાહેર ચેતવણી મૂકવી પડી છે કે બી.ટી. કપાસનો ચારો જાનવરો માટે મોતનું જોખમ છે. બી.ટી. કૉટનમાં જે ઝેરી જિન છે તે જ બી.ટી. રિંગણમાં પણ છે. બી.ટી. કૉટનનો ખેતરોનો ચારો ચરનારાં મોટાં પશુઓના પેટમાંથી આ ચારો અકબંધ મળી આવ્યો. તે પચ્યો નહીં. એટલે આગળ આંતરડામાં ધકેલાયો નહીં. આંતરડાં ધીરે ધીરે સુકાઈ ગયાં અને ઢોર મૃત્યુ પામ્યાં. બી.ટી. રિંગણ વગેરે ખોરાકથી માણસના પેટમાં પણ આ જ હાલત ઊભી થવાની.**

બી.ટી. બ્રિન્જલ (રિંગણા)નો વિવાદ બહુ મોટો છે. એને કારણે ઍન્ટી-બાયોટિક દવાઓ શરીરમાં કામ નથી કરતી અને નવી બીમારીઓ પેદા થાય છે. શરીરમાં પાચક રસો પેદા કરતા બેક્ટેરિયાનો જન્મ અટકાવીને એ આપણા શરીરને પેસ્ટિસાઈડ (જંતુનાશક) દવાઓ બનાવતી ફેક્ટરી બનાવી દે છે. મોન્સાન્ટો કંપની દ્વારા બી.ટી. રિંગણને ભારતમાં લાવવાની ભરપૂર કોશિશ થઈ રહી છે. બી.ટી. રિંગણ પરના અખતરાઓમાં સાબિત થયું છે કે આ રિંગણ ભરેલી બરણીમાં કીડાઓ મૂકવામાં આવે તો કીડાઓ એ રિંગણનું ભક્ષણ કરીને મરી જાય છે. મોન્સાન્ટો કંપની આવાં પરીક્ષણોનાં તારણોને ભારત સરકારથી છુપાવી રહી છે.

અત્યાર સુધી આપણે કાળજી લેતા આવ્યા છીએ કે રિંગણ, દ્રાક્ષ વગેરેને સારી રીતે ધોઈ નાખ્યા

પછી ખોરાક તરીકે એનો ઉપયોગ કરીશું તો એના પર છાંટવામાં આવેલાં હાનિકારક ફર્ટિલાઈઝરથી ઘણેખરે અંશે મુક્તિ મળશે. પણ બી.ટી. બિયારણથી પાકેલાં ફળફળાદિ, અનાજ, શાક વગેરેને ધોવાથી ઝેરમુક્ત નહીં કરી શકો કારણ કે તે આખું ફળ કે અનાજ-શાક જ ઝેરી બની ગયેલું હોય છે.

**ભારત સરકાર ભલે દાવો કરે કે આ દેશમાં કોઈ પણ પ્રકારનું જીએમ ફૂડ ઈમ્પોર્ટ કરવાની કે વેચવાની પરવાનગી નથી અપાઈ, પણ મોંઘા મૉલમાં કે પૉશ વિસ્તારોની મોંઘી કરિયાણાની દુકાનોમાં વેચાતી ઈમ્પોર્ટેડ ખાદ્યપદાર્થોની અનેક બનાવટો જીએમ ફૂડમાંથી બનેલી હોય છે. એટલું જ નહીં પિત્ઝા-બર્ગર વગેરે વેચતી પરદેશી કંપનીઓ પણ જીએમ ફૂડ છૂટથી વાપરે છે.**

**પેપ્સિકોની *ડોરિટોસ કૉર્ન ચિપ્સ (જે વિવિધ ડિપની સાથે ખવાય છે)માં જીએમ કૉર્નનો ઉપયોગ થાય છે.* આ ચિપ્સ ભારતમાં વિના રોકટોક વેચાય છે. આ ચિપ્સથી લીવર અને કિડનીને નુકસાન થાય છે. યુરોપના અનેક દેશોમાં એના પર પ્રતિબંધ છે.**

અમેરિકામાં વીસ વર્ષથી જીએમ ફૂડ ખવાય છે, ભારતને શું વાંધો છે? અમેરિકા કંઈ જગત આખાનું હવાલદાર નથી. સિગારેટ હાનિકારક છે એવું અમેરિકા હવે કહે છે. સદીઓ સુધી અમેરિકાએ તમાકુ અને સિગારેટનો પ્રચાર કર્યો. અમેરિકાની બિલ્લી સો ચૂહા ખાધા પછી જ હજની યાત્રાએ જાય છે. **અમેરિકાને તમે રોલ મૉડલ માનીને ચાલી શકો નહીં.**

**અમેરિકામાં જીએમ ફૂડના આગમન પછી એને કારણે થતા અનેક રોગોનો અમેરિકનો શિકાર બન્યા છે. ૭૫ ટકા અમેરિકનોને ખબર પણ નથી હોતી કે તેઓ દરેક ભોજનમાં જીએમ ફૂડ ખાય છે. *સ્વિત્ઝરલેન્ડ, ફ્રાન્સ, ઈટલી, ગ્રીસ, પોલેન્ડ અને ઑસ્ટ્રિયા જેવા દેશો જીએમ ફૂડ પર પ્રતિબંધ લાદી ચૂકયા છે.***

અમેરિકાની એફ.ડી.એ. (ફૂડ ઍન્ડ ડ્રગ્સ ઑથોરિટી)ના કરપ્શન વિશે 'પોઈઝન ઑન ધ લેટર' ડૉક્યુમેન્ટરીમાં ઉલ્લેખ છે. અમેરિકન એફ.ડી.એ.ના અફસરો મલ્ટીનેશનલ કંપનીઓની તરફદારી કરતા રહે છે અને બદલામાં એ કંપનીઓમાં મોટી નોકરીઓ પણ મેળવે છે. અમેરિકાની એફ.ડી.એ.માં કરપ્શન થતું હોય તો શું ભારતની એફ.ડી.એ.માં નહીં થતું હોય? ભારતમાં કૃષિ મંત્રી શરદ પવાર છે. તેઓ કેટલા પ્રામાણિક છે અને સત્યવાદી હરિશ્ચંદ્રના કેટલા મોટા અવતાર છે તેની સૌ કોઈને ખબર છે. ભારત સરકારે કેળાંની વાડીની રખેવાળી વાનરોની ટોળીને સોંપી છે. જીએમ ફૂડના આક્રમણથી ભગવાન જ ભારતને બચાવી શકશે. ગયા શુક્ર-શનિવારના લેખના અનુસંધાને લખાયેલા આ લેખથી અમારી વાત અહીં પૂરી થાય છે. તમારું કામ શરૂ થાય છે.